ક્ર. જીયુવીએનએલ-આરઇ-એસપી.પ્રાયોરીટી-૧૦૪૮ તા. ૧.૧૨.૦૬

પ્રતિ

મેનેજીંગ ડીરેક્ટરશ્રી

મધ્ય / દક્ષિણ / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી

કોર્પોરેટ આફિસ - વડોદરા - સુરત - મહેસાણા - રાજકોટ

વિષય - સહકારી પીયત મંડળીઓને ઓવર રાઇડીંગ પ્રાયોરીટી આપવા બાબત.

સંદર્ભ- જીયુવીએનએલ - આરઇ- ઓવર રાઇડીંગ પ્રાયોરીટી-૫૦૦. તા. ૩.૮.૦૬

---

સંદર્ભના પત્રથી સહકારી પીયત મંડળીઓને ઓવર રાઇડીંગ પ્રાયોરીટી નહીં આપવા બાબત લેવાયેલ નિર્ણયની પુનઃ વિચારણા કરવા વિવિધ સત્તાધિશો તથા પ્રજાના પ્રતિનિધિઓ તરફથી રજૂઆતો મળેલ. સદર બાબત તા. ૨૨.૧૧.૦૬ ના રોજ મળેલ એપેક્ષ કમિટિ સમક્ષ મૂકવામાં આવેલ એમાં એમ ઠરાવવામાં આવેલ છે કે નોન ડાર્કઝોન વિસ્તારમાં રજીસ્ટ્રર થયેલ સહકારી પીયત મંડળીઓને ઓવર રાઇડીંગ પ્રાયોરીટી આપવા બાબતની સત્તા સબંધિત વીજ વિતરણ કંપનીઓના મેનેજીંગ ડીરેક્ટરશ્રી અને મુખ્ય ઇજનેરશ્રીઓને નીચેની શરતોને આધિન આપવામાં આવે.

૧) આદિજાતિ વિસ્તારોમાં માત્ર રજીસ્ટ્રર થયેલ સહકારી પીયત મંડળીઓને ઓવર રાઇડીંગ પ્રાયોરીટી આપવી.

૨) બીન આદિજાતિ વિસ્તારોમાં રજીસ્ટ્રર થયેલ સહકારી પીયત મંડળીઓ જો માઇક્રો ઇરીગેશન સિસ્ટમ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની મારફત સ્વીકારે તો પ્રાયોરીટી આપવી.

3) આવા વીજ જોડાણ માત્ર એજી ફીડરો પરથી જ આપવા.

૪) અંદાજપત્ર તત્કાલ યોજનાના તમામ નોર્મસ અને ટેરીફને આધારે આપવા.

૫) અંદાજપત્ર આપતા પહેલા પ્રાદ્યોગિક શક્યતાઓ તપાસવી.

૬) સહકારી પીયત મંડળીઓને ઓવર રાઇડીંગ પ્રાયોરીટી આપવાનો દરેક વીજ વિતરણ કંપનીઓ માટે લક્ષ્યાંક ૫૦ નો રહેશે. આથી કોર્પોરેટ આફિસના પરામર્શમાં રહી નોંધણી કરવી.

૭) આરઇ એમઆઇએસ રીપોર્ટમાં સદર બાબત નિર્ધારિત કરેલ ફોરમેટમાં દર્શાવવની રહેશે.

(પીએચ રાણા)

ડાયરેક્ટર (ટેક)

નકલ રવાના

- પીએસ ટુ સીએમડી જીયુવીએનએલ વડોદરા
- લાયઝન ઓફિસર - યુજીવીસીએલ-સાબરમતી.